# જન્મદિને વધામણી



**વિનોદ ડી રાદડીયા**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
પૂર્વ પ્રમુખ, રોટરી ક્લબ ઓફ ગાંધીનગર
મો. ૯૮૨૫૦ ૨૭૭૭૫



**મનિષાબેન એ જૈન**
ખજાનચી, સંગિની



**હિતાર્થ મેહુલ દોશી**
જૈન સોશિયલ ગૃપ
મો. ૮૧૪૧૧ ૭૫૪૫૯



**નંદીતાબેન ઓઝા**
મો. ૯૮૨૫૦ ૫૬૨૬૨



**સંદિપકુમાર વ્યાસ**
મો. ૯૮૨૪૬ ૩૫૮૩૧



**સાત્વિક ત્રિવેદી**



**બિનલ રમેશચંદ્ર શ્રીમાળી**
ફોન : ૨૩૨૩૦૦૪૦



**આદિત્ય ધવલભાઈ ભટ્ટ**



**વિશ્વા સંદિપભાઈ બારોટ**



યાત્રાધામ મહુડી મુકામે કેન્દ્રીય પ્રધાન અરૂણ જેટલીનાં ધર્મપત્નીએ ઘંટાકર્ણ મહાવીરનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે મહુડી ભાજપ યુવા મોરચાના કાર્યકર કમલેશસિંહ કે રાઠોડ, મનોહરસિંહ ડી, કાળુસિંહ બી, ફુલભા, હિરસિંહ દેવુભા, જે યુ રાઠોડ, અજુભા વગેરે ઉપસ્થિત રહ્યા હતા, જેમણે ઘંટાકર્ણ મહાવીરની તસવીર સ્મૃતિચિહ્નરૂપે આપી શ્રીમતી જેટલીનું બહુમાન કર્યું હતું.



શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે સ્વયં શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે જ્ઞાન સપ્તાહ અંતર્ગત ૩૦ ઑગષ્ટથી ૪ સપ્ટેમ્બર સુધી શાળા કક્ષાએ વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. શાળા સફાઈ, વર્ગ સુશોભન, વિદ્યાર્થી શારીરિક સ્વચ્છતા તપાસ, મેદાન સફાઈ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ આ સપ્તાહ અંતર્ગત યોજવામાં આવી હતી. સ્વયં શિક્ષણ દિવસ નિમિત્તે ધોરણ-૯થી ૧૨ના વિદ્યાર્થીઓએ વર્ગખંડોમાં શિક્ષણ કાર્ય હાથ ધર્યું હતું. ધોરણ-૧૦ના વિદ્યાર્થી મયંજ જી શાહે આચાર્યની જવાબદારી અદા કરી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. વિદ્યાર્થીઓ માટે અલ્પાહારની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને શિક્ષક અજિતસિંહ સોલંકી અને સચિનભાઈ પટેલે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શાળાનાં પ્રમુખ દક્ષાબેન સુથારે શિક્ષક દિવસની ઉજવણીમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. આચાર્ય રાકેશભાઈ ઉપાધ્યાયે આદર્શ શિક્ષક એવા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન વિશે વિદ્યાર્થીઓને માહિતી અર્પી હતી.

### લાયન્સ ક્લબ, ગાંધીનગર દ્વારા

## અક્ષયપાત્ર ફાઉન્ડેશન તેમજ લાયન્સ ક્લબ સેવા કેન્દ્રોની મુલાકાત



ગાંધીનગર, તા. ૭

મધ્યાહ્ન ભોજન યોજનાની જવાબદારી નિભાવતા અક્ષયપાત્ર ફાઉન્ડેશન, સામાજિક-સેવાકીય એવા કાયમી પ્રૉજેક્ટ લાયન્સ બ્લડ બૅન્ક, ડાયાલિસિસ સૅન્ટર અને કર્ણાવતી આંખની હૉસ્પિટલની મુલાકાત તથા બ્લડ ડોનેશન કૅમ્પનું આયોજન લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા કરાયું હતું. હરેકૃષ્ણ મિશન દ્વારા સંચાલિત અક્ષયપાત્ર ફાઉન્ડેશનની મુલાકાત ક્લબના સભ્યોએ લીધી હતી અને આ સેવાકાર્ય માટે ફાઉન્ડેશનને લાયન્સ ક્લબ તરફથી 'રિલીવ હંગર' અભિયાન અંતર્ગત દાનની રકમનો ચૅક પણ અર્પણ કર્યો હતો. સ્વામી મોહનદાસજીએ સભ્યોને આવકાર્યા હતા તેમજ ૧ લાખ ૪૦ હજાર વિદ્યાર્થીઓ માટે ભોજન તૈયાર કરતી સમગ્ર વ્યવસ્થાનું માહિતીપ્રદ નિદર્શન પણ કર્યું હતું. ત્યારબાદ ઓગણજ ખાતે કાર્યરત લાયન્સ બ્લડ બૅન્કની મુલાકાત લઈ સભ્ય અજય પટેલ, અનિલ પ્રજાપતિ, શૈલેષભાઈ પટેલ, વિક્રાંત પુરોહિત, મમતા રાવલ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. લાયન્સ ક્લબ સંચાલિત ઍલઍમઍલ સ્કૂલની મુલાકાત સમયે પ્રિન્સિપાલ તેમજ ટ્રસ્ટીઓએ શાળાની વિશેષતા તેમજ પ્રવૃત્તિઓથી સભ્યોને અવગત કરાવ્યા હતા. સમગ્ર આયોજન માટે સભ્યોએ ક્લબના પ્રમુખ નિમેષ રાવલને અભિનંદન પાઠવ્યા હતા. સેન્ટેનીયલ કો-ઓર્ડિનેટર કે પી પ્રજાપતિ, મહેન્દ્રભાઈ ભટ્ટ, મહેન્દ્રભાઈ પરમાર, મોહનભાઈ પરમાર, ડી પી ત્રિવેદી, પિયુષ શાહ, સેજલ શાહ, રશ્મિન વાઘેલા આ ઉપક્રમમાં સામેલ થયા હતા.

## એસ જી સ્કૂલમાં શિક્ષક દિવસ



ગાંધીનગર, તા. ૫

એસ જી પ્રાથમિક શાળામાં તા-૧-૯-૧૬ ના રોજ શિક્ષક દિન નિમિતે કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત શાળાના ધોરણ - ૧ થી ૮ ના વિધ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિધ્યાર્થીઓએ આચાર્ય, સુપરવાઈઝર, શિક્ષક, સેવક વગેરેની ભૂમિકા ભજવી હતી. શાળાના આચાર્ય તરીકે સ્મિત પંડયા અને પટેલ હેતવીએ ભૂમિકા ભજવી હતી. તે દરમ્યાન એક આચાર્યની લીડર તરીકેની ભૂમિકા કેવી હોવી જોઈએ તેનું જ્ઞાન મેળવ્યું હતું. દરેક વિધ્યાર્થીમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. વિધ્યાર્થીઓએ આજના દિવસે સમગ્ર શાળાનું સંચાલન કર્યું હતું. આજના આ શિક્ષક દિન નિમિતે શિક્ષક બનેલા વિધ્યાર્થીઓમાં સંસ્કાર , શિસ્ત અને જ્ઞાનની ઝલક જોવા મળી હતી. આ પ્રવૃતિ દ્વારા શિક્ષક બનેલા વિધ્યાર્થીઓને શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કામગીરીથી વાકેફ થયા હતા.

## ડાયરેક્ટ ❤ સે

આ દુનિયામાં કોઈપણ વસ્તુ સ્થાયી નથી, આપણી મુસીબતો પણ નહીં.

-ચાર્લી ચૅપ્લીન

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
અકિરા
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
અકિરા
૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
સનશાઈન મ્યુઝિક ટુર્સ ઍન્ડ ટ્રાવેલ્સ
૧૨.૩૦, ૭.૦૦
હૅપ્પી ભાગ જાયેગી
૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
અકિરા
સવારે ૧૦.૦૦
યહ તો ટુ મચ હો ગયા
૧૨.૪૫, ૬.૪૫
રૂસ્તમ
રાત્રે ૯.૩૦

**સ્ક્રીન-૬**
અકિરા
સાંજે ૬.૩૦
યહ તો ટુ મચ હો ગયા
સવારે ૧૦.૦૦
રૂસ્તમ
૩.૪૫



ઍન કે સ્કૂલ ઑફ કૉમર્સ, સૅક્ટર-૨૮ ખાતે શિક્ષક દિનની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ધોરણ-૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને શિક્ષક તરીકેની ભૂમિકા અદા કરી હતી. શ્રેષ્ઠ શિક્ષણ બદલ મૈત્રી પટેલ- મિલન ભટ્ટ, સ્નેહલ પટેલ અને પ્રાન્સુ પટેલને અનુક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં. શાળા પરિવારે ત્રણેયને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યાં હતાં.

દેશની અગ્રીમ હરોળની ગણાતી બૅન્ક ઑફ ઈન્ડિયાના ૧૧૧મા જન્મદિવસની ઉજવણી બુધવારે રંગેચંગે કરવામાં આવી હતી. ગાંધીનગરમાં સૅક્ટર-૧૬ ખાતે સ્થિત બૅન્કની મુખ્ય બ્રાન્ચ ખાતે સર્વ ગ્રાહકોને ચૉકલેટ આપી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે એજીએન પુષ્પા ચૌધરી, આસી. મેનેજર વી જે દવે અને માર્કેટિંગ અધિકારી બર્કી કેએ સર્વ ગ્રાહકોને બૅન્કની સેવાઓ વધુ સુદઢ બની રહે તે માટે સહકાર આપવા ગ્રાહકોને અપીલ કરી હતી. ઉલ્લેખનીય છે કે બૅન્ક ઑફ ઈન્ડિયા દેશ ઉપરાંત પચીસ જેટલા દેશોમાં પાંચ હજાર કરતાં વધુ શાખાઓ ધરાવે છે.




# ચાણક્યના 'ઍવરગ્રીન ટૉપ ટ્વૅન્ટી' વિચારો



**આત્મનાદ**
પુલક ત્રિવેદી

ગત સપ્તાહમાં એક 'સ્પેશિયલ' દિવસ હતો. આમ તો જીવનમાં આવતા પ્રત્યેક દિવસ અને એકે-એક પળ અગત્યની અને મહત્વની હોય છે. રવિન્દ્રનાથ ઠાકુર કહેતા કે તમારી સામે આવેલી વ્યક્તિ, તમારી સામે ઉભેલી વર્તમાનની પળ અને આજનો દિવસ આ ત્રણ બાબત મહત્વની અને 'સ્પેશિયલ' જ હોય છે. પ....ણ સપ્ટેમ્બર, તા. ૫નો દિવસ એટલે શિક્ષકદિનનો 'સ્પેશિયલ' દિવસ. શિક્ષક એટલે ગુરૂ. ભગવદ્ગોમંડલ અનુસાર ગુરૂ એટલે બોધ આપનાર. અજ્ઞાનના અંધકારમાંથી ઉજાસનાં કિરણો તરફ લઈ જનાર સજ્જન એટલે ગુરૂ.

ભારત વર્ષના પ્રખર જ્ઞાની અને આદરણીય ગુરૂજન સર્વપલ્લી રાધાક્રિષ્ણનજીના જન્મદિનને શિક્ષકદિનના અદભૂત નઝરાણા તરીકે ઉજવવામાં આવે છે. જીવન જીવવા માટે અર્થ, ઉપાર્જન એટલે કે નાણાં કમાવા જરૂરી. એના માટે રોજગાર – સ્વરોજગારના વિવિધ ક્ષેત્રોમાં ખેડાણ કરવું પડે. જેમાનું એક ક્ષેત્ર 'શિક્ષણ' પણ ખરુ. પરંતુ શિક્ષણનું ક્ષેત્ર માત્રને માત્ર અર્થ-ઉપાર્જન કે પૈસા કમાવવા પુરતું સિમિત ક્ષેત્ર નથી. શિક્ષણનું ક્ષેત્ર તો 'જનરેશન નેસ્કટ' તૈયાર કરવાનું અને સંસ્કાર સિંચનનું મહાન કાર્ય કરતું અદભૂત ક્ષેત્ર છે.

પાંચમી સપ્ટેમ્બરે આદરણીય સર્વપલ્લલી રાધાક્રિષ્ણનજી તો યાદ આવે જ આવે અને તેમના શિક્ષણ કાર્યની સુવાસ પણ મઘમઘે જ. સાથે સાથે દ્રોણાચાર્યથી માંડીને કૃષ્ણમૂર્તિજી, મદનમોહનજીથી માંડીને અબ્દુલ કલામજી, ઉમાશંકરજીથી માંડીને ગીજુભાઈ બધેકા, મનુભાઈ પંચોળીથી માંડીને ઓશો, ગાંધીજીથી માંડીને મોરારીબાપુ જેવા અનેક વંદનીય અને માર્ગદર્શક શિક્ષક – સદગુરૂ યાદ આવે જ આવે.

ગાંધીજી લખે છે કે, 'શિક્ષક તો લોહચુંબકની માફક કામ કરે છે. એની પાછળ છોકરાં વિંટળાઈ વળે. એને ક્ષણ વાર પણ ન છોડે. શિક્ષકનો વિયોગ શિષ્યોને અસહ્ય થઈ પડે. શિક્ષણ એ શિક્ષકનો ધર્મ ગણવો જોઈએ. એ યજ્ઞ કર્યા વિના જે શિક્ષક જમે તેને ચોર ગણવો જોઈએ. એમ થાય તો શિક્ષકોની તૂટી ન રહે. અને તેમ છતાં એમની કિંમત કરોડપતિ કરતા કરોડ ગણી વધારે ગણાય.' શિક્ષકદિન નિમિત્તે એક એવા જ શિક્ષક, ગુરૂ, પથદર્શકનું પુસ્તક વાંચતો હતો. મન મસ્તિસ્ક ઉપર આ જગતગુરૂ છવાઈ ગયા. જેણે વિશ્વ સમસ્તને બોધ આપી જ્ઞાનથી પ્રકાશિત કર્યું એ જગતગુરૂ એટલે આચાર્ય વિષ્ણુગુપ્ત... ચાણક્ય...

ચાણક્યનું નામ આવે એટલે પાણીદાર આંખો અને માથે ચોટલીવાળો ચહેરો આંખ સામે તરવરવા લાગે. અને ચાણક્ય સિરિયલમાં રાઈટર, ડાયરેક્ટર ચંદ્રપ્રકાશે લખેલો અને દ્રઢતાપૂર્વક બોલેલો ચાણક્યની વિચારધારાને વ્યક્ત કરતા મશહુર ડાયલોગની ગુંજ કાનમાં સંભળાવા લાગે, 'શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પનપતે હૈ.' પરંપરાગત રીતે ચાણક્યની ઓળખ એટલે આચાર્ય વિષ્ણુગુપ્ત અને પ્રખર અર્થશાસ્ત્રી કૌટિલ્ય. ઈ.સ. પૂર્વે ચોથી સદીમાં ભારત વર્ષમાં થઈ ગયેલા મહાન શિક્ષક, પ્રખર તત્વચિંતક, અર્થશાસ્ત્રી અને નિપૂણ રાજ્ય સલાહકાર તરીકે વિષ્ણુગૂપ્તની વિશ્વ સમસ્તમાં આગવી ઓળખ છે. ચાણક્યનું કાર્ય અને જ્ઞાન ગુપ્ત સામ્રાજ્યનાં અંત સાથે જાણે કે દુનિયામાંથી અસ્ત થઈ ગયુ હોય એમ હતું. પરંતુ ૧૯મી સદીમાં એટલે કે ૧૯૧૫ની આસપાસ ચાણક્યનાં જ્ઞાન-બોધનો પ્રકાશ વિશ્વ સમક્ષ પુનઃ ઉજાગર થયો. થોમસ ટ્રાઉટમેન્નૅ ચાણક્ય વિશેના ચાર દ્રષ્ટિકોણ આપ્યા. બુધ્ધિષ્ટની દ્રષ્ટિએ ચાણક્ય, જૈન ગ્રંથોમાં ચાણક્ય, કાશ્મીરી દ્રષ્ટિકોણમાં ચાણક્ય અને વિશાખાદત્તનાં સંસ્કૃત નાટકનાં દ્રષ્ટિકોણમાં ચાણક્યનો સમાવેશ થાય છે.

ચાણક્યના ચરિત્રને ઉજાગર કરતાં આ ચારેય દ્રષ્ટિકોણમાં સમાનતા એ છે કે સમાજનું અહિત કરતા અંહકારી રાજવીથી અસંતુષ્ટ પ્રજાને ઉગારવા અને રાજાથી અપમાનિત થયેલા એક જ્ઞાની શિક્ષકે એના બોધ–જ્ઞાન દ્વારા નવો રાજવી તૈયાર કર્યો. અહંકારી રાજાવીનો તખ્તો પલટી નાખ્યો. પ્રજાને નવો રાજા આપી સાચા સુખની પરિભાષા બતાવી. નિયમ અને નિષ્ઠાનું સાચુ મહાત્મ્ય ઉજાગર કર્યું. ચાણક્યનાં અમુલ્ય અને અતુલ્ય વિચારો તેમના તત્વચિંતન અને અર્થશાસ્ત્રમાં સુપેરે વ્યક્ત થાય છે. એ વિચારો પ્રત્યેક સદી, કાળ અને રાજ્ય વ્યવસ્થામાં પારસ્પરિક અને સચોટ બંધબેસતા લાગે જ લાગે.

મહાજ્ઞાની આચાર્ય વિષ્ણુગુપ્તનાં મનનીય અનેક જીવન નીતિસુત્રો પૈકી સૌથી મહત્વનાં અને પથદર્શક 'ઍવરગ્રીન ટૉપ ટ્વૅન્ટી' વિચારો શિક્ષક દિનની સ્મૃતિએ મમળાવવા ગમશે.

- જે વ્યક્તિમાં શક્તિ ન હોય પણ મનથી હાર ન માને, તેને દુનિયાની કોઈ તાકાત હરાવી ન શકે. તાકાત માણસનાં મનમાં હોય છે. બાવડા તેનો અમલ કરે છે.
- તમારું ખુશ રહેવું જ તમારા દુશ્મનો માટે સૌથી મોટી સજા છે.
- તમારા બાળકને પહેલાં પાંચ વર્ષ ખુબ વ્હાલ કરો, ૬થી ૧૫ વર્ષ મજબુત અનુસાશન અને મુશ્કેલીઓનો સામનો કરવા માટે એને તૈયાર કરો અને ૧૬માં વર્ષથી એની સાથે દોસ્તી કરો. જીવનમાં તામારું બાળક જ તમારો શ્રેષ્ઠ મિત્ર બનશે.
- અત્યંત સીધું હોવું પણ સારૂ નથી. સીધાં વૃક્ષો પહેલા કાપવામાં આવે છે જ્યારે વાંકા-ચૂંકા વૃક્ષો બચી જાય છે.
- જેણે અનિતીનો પૈસો ભેગો કર્યો છે અને અક્કડ રહે છે તેનાથી દૂર રહેવું સારુ કારણ કે આવા લોકો પોતાની ઉપર જ બોજ સમાન છે.
- ચાર પ્રકારનાં અંધ હોય છેઃ આંખો ન હોય એને દુનિયા ન દેખાય, કામચોરને વિવેક ન દેખાય, શરાબીને પોતાનાથી કોઈ મહાન ન દેખાય અને સ્વાર્થીને કોઈ દિવસ દોષ ન દેખાય.
- સુખી જીવન માટેનો સૌથી મોટો ગુરૂમંત્ર છે કે, પોતાના રાઝની(અંગત) વાત કોઈ દિવસ કોઈને ન કહેવી.
- જ્યાં સુધી દોડવાનું સાહસ નહીં રાખો ત્યાં સુધી જીવન સ્પર્ધા હંમેશ માટે અસંભવ જ બની રહેશે.
- બીજાની ભૂલો ઉપરથી સીખો. પોતાની ઉપર અમલ કરશો તો આખું જીવન ટુંકુ પડશે.
- જે જેના મનમાં છે એ એનાથી દૂર રહીને પણ દૂર નથી, અને જે જેનાં મનમાં નથી એ એની પાસે રહીને પણ એની પાસે નથી.
- ડરને પાસે ફરકવા જ ન દો. ડર નજીક આવે તો ડર ઉપર આક્રમણ કરો. ડરથી ડરો નહિ, ડરનો મુકાબલો કરી ડરને ડરાવો.
- ખરાબ–અનૈતિક રાજાના રાજમાં ન તો જનતા સુખી હોય છે કે ન તો જનતાનું ભલુ થાય છે. આવા અનૈતિક અને ખરાબ રાજવીના હોવા કરતા રાજા ન હોય એ જ સારું.
- કોઈપણ વ્યક્તિને વર્તમાન પરિસ્થિતિમાં જોઈને તેની મજાક ન ઉડાવો. કારણ કે સમયમાં એવી ગજબની તાકાત છે કે, તે એક કોલસાને પણ હીરામાં બદલી નાખે છે.
- ભગવાન મૂર્તિઓમાં નથી, આપણા વિચાર જ આપણા ભગવાન અને આપણો આત્મા જ આપણું મંદિર છે.
- કોઈ મુર્ખ વ્યક્તિ માટે શબ્દો અને પુસ્તકનું મહત્વ એટલું જ હોય છે કે જેટલું અંધ વ્યક્તિને અરીસાનું મહત્વ હોય છે.
- માણસ જન્મથી નહીં કર્મથી જ મહાન બને છે. ગુણથી ઉપર ઉઠાય છે. ઉંચા સ્થાન ઉપર બેસી જવાથી ઉપર ઉઠી શકાતું નથી.
- દુનિયામાં સૌથી મોટી બે તાકાતઃ પુરુષની જવાની અને સ્ત્રીની સુંદરતા.
- પોતાનું અપમાન કરાવીને જીવવા કરતાં મરવું બેહતર છે. કારણ, મરવાથી એક વાર દર્દ થશે, અપમાનિત થવાથી વારંવાર મોત થશે–દર્દ થશે.
- સિંહ પાસેથી એક વાત સીખી શકાય. લક્ષ્ય સુધી પહોંચવા માટે જરૂરી છે : સાહસ અને લગન.
- જેનું જ્ઞાન ચોપડાઓ સુધી સિમિત છે એ તો બીજાના કબજામાં રહેલી આપણી સંપતિ જેવું છે.

ચાણક્યનાં આ 'ઍવરગ્રીન ટૉપ ટ્વૅન્ટી' વિચારો એવા છે કે, પ્રત્યેક વિચારને સ્પષ્ટ કરવા માટે એક આખું પુસ્તક લખાય તો પણ ઓછું પડે. ગુજરાતનાં જાણીતા લોક કલાકાર પણ મૂળે શિક્ષક એવા સાંઈરામ દવેએ મને શિક્ષકદિને વોટ્સેપ પર મોકલાવેલી તેમની કવિતા મોજ આવે એવી છે.... એનો અંશ ધબકારમાં...

**ધબકાર**

"આદર્શોનાં ઈંધણ નાંખી, મેં સંસ્કારો રાંધ્યા છે.
ડોક્ટર, વકીલ કે ઈન્સપેક્ટર મેં પાયાથી બાંધ્યા છે
પાયાનો પથ્થર કોઈ જુઠ ઈમારત ચણતા નહીં,
હું એક શિક્ષક છું, શિક્ષકને કદી નકામો ગણતા નહીં..."

(સાંઈરામ દવે)

